


## વિચક્ષણ ઈજનેર

એકવાર એક ભારતીય ઈજનેર રેલગાડીમાં પ્રવાસ કરતા હતા.

તેમના ડબ્બામાં તેમના સિવાય કોઈ ગોરા અધિકારીઓ હતા.

ગાડી ચાલતી હતી, એ દરમિયાન ઈજનેરને કંઈક સૂઝ્યું એટલે તેઓ ડબ્બાની સાંકળ ખેંચવા માટે ઊભા થયા.

એકાએક ડબ્બાની સાંકળ ખેંચવા જતા ઈજનેર પેલા ગોરા અધિકારીઓને મન પાગલ જેવા લાગ્યા અને એમાંથી એકે ઈજનેરને તેમ કરતાં રોકયા. ઈજનેરે એ ગોરા અધિકારીઓને સમજાવતાં કહ્યું: 'ભાઈઓ, એકાદ ફલાઁગ ઉપર જ ગાડીના પાટામાં મને કંઈક ગરબડ મને લાગે છે. ગાડી પાટા પરથી જે રીતે ઘસડાય છે અને એથી જે અવાજ થાય છે, તે ઉપરથી મને ચોકકસ કંઈક ગરબડ લાગે છે. માટે તમે નાહક જિદ છોડી દો, અને મને સાંકળ ખેંચવા દો !'

પરંતુ આપણા આ ભારતીય ઈજનેરનું કહ્યું એ ગોરા અધિકારીઓ શાના માને? તેમણે તેને કોઈ ગાંડો માણસ ગણી કાઢયો, એ લોકોએ એ વખતે તો ઈજનેરને સાંકળ ન જ ખેંચવા દીધી. એમ કરતાં ગાડી જરા આગળ ચાલી.

હવે તો ઈજનેરને પોતાની વાતમાં વધુ વિશ્વાસ બેઠો હતો. એટલે ગોરા અધિકારીઓની રોકટોકને ન ગણકારતાં તેમણે સાંકળ ખેંચી જ કાઢી. પરિણામે ગાડી અટકી. પછી તો ગાર્ડ વગેરે શું થયું છે તેની તપાસ કરવા તેના ડબ્બા પાસે આવી પહોંચ્યા. ઈજનેરે તેમને કહ્યુંઃ ‘ગાડીના અવાજમાં મને ચોકક્સ કંઈક ફરક લાગે છે; અહીંથી થોડેક આગળ તમે તપાસ કરો. પાટામાં કંઈક નાદુરસ્તી તમને જરૂર નજરે પડશે.’

ગાર્ડ વગેરેને પણ ઈજનેરની વાતમાં ખાસ વિશ્વાસ બેઠો નહિ, છતાં એ લોકોએ વિચાર્યું : ‘હવે આમેય ગાડી ઊભી રહી છે; તો થોડીક વાર આગળ તપાસ કરી આવવામાં શો વાંધો છે ?’

આ વિચારે એ લોકોએ થોડેક દૂર સુધી આગળના પાટા તપાસવા માંડયા. આશ્ચર્ય સાથે તેઓએ જોયું તો નજીકના જ પાટામાં કંઈક અવ્યવસ્થા થઈ ગઈ હતી. અને એવી અવ્યવસ્થામાં જો ગાડી આગળ વધી ગઈ હોત તો ગાડીને જરૂર મોટો અકસ્માત નડત. આથી ગાર્ડ વગેરે માણસો તથા ગાડીના યાત્રીઓએ આ રીતે પોતાના જીવ બચાવવા બદલ ભારતીય ઈજનેરનો આભાર માન્યો.

આ વિચક્ષણ ભારતીય ઈજનેર હતા સર મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરૈયા.

**લેખક :- શિવંસુંદરમ્**